હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ના ડિયર, નવાઈ નથી લાગી... તું છ થી સાત ઓનલાઈન હતી એટલે હું સમજી ગયો કે ડિનરમાં ખીચડી ને છાશ જ હશે...!!

સાર્થક હેવન પાસે યુવક પાસેથી એક લાખ લુંટી બે શખ્સો ફરાર

ચાલતા યુવકને માસ્ક કેમ પહેર્યું નથી તેમ કહી ધમકાવી ખીસ્સામાંથી રૂપીયા કાઢી બે ઈસમો ફરાર, યુવક બેંકમાં પૈસા ભરવા ગયો હતો, બેંક બંધ થઈ જતા યુવક પરત ફરી રહ્યો હતો તે સમયે ઘટના સર્જાઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર કોબા સાર્થક હેવન પાસે સાંજના સુમારે રૂ.૧ લાખની લુંટની ઘટના બનવા પામી છે. યુવક કુડાસણ ખાતે રૂપીયા બેંકમાં જમા કરાવવા માટે ગયો હતો, પરંતુ બેંક બંધ થઈ ગઈ હોવાથી યુવક ચાલતો ચાલતો પરત ફરી રહ્યો હતો તે સમયે યુવકના ખીસ્સામાંથી રૂપીયા કાઢીને બે શખ્સો ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે શૈલેષ જેતાભાઈ રાઠોડે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે લુંટારુ શખ્સોને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

રાજયના પાટનગરમાં ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. વાહનચોરી, ઘરફોડ, લુંટ સહિતના ગુનાઓને ગુનેગારો અંજામ આપીને સરળતાથી નીકળી જાય છે. ત્યારે પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ છુટક મજુરી અને સેન્ટીંગનુ કામ કરતા ૩૦ વર્ષિય યુવક શૈલેષ જેતાભાઈ રાઠોડ તા.૩ ના રોજ યુવક પર કોન્ટ્રાકટરનો ફોન આવ્યો હતો. જેમાં તેઓ દાહોદ હોવાથી કારીગરો અને મજુરોના પગારના પૈસા સાઈડ પરથી લઈને બેંકમાં જમા કરવા માટે જણાવ્યું હતું. જેતી નવા કોબા કે રાહેજા માર્ગ પરથી ચાલીને તે કુડાસણ ખાતે ગયો હતો. જો કે બેંક બંધ થઈ જતા તે પરત ફર્યો હતો. તે સમયે કોબા સાર્થક હેવન સોસાયટી પાસે યુવક સાંજે સાડા પાંચ વાગે પહોચ્યો હતો. તે સમયે એક શખ્સ તેની પાસે આવ્યો હતો.પોલીસની સ્ટાઈલમાં માસ્ક કેમ પહેર્યું નથીચલ મારા સાહેબ પાસે કહી યુવકને ટુ વ્હીલર લઈને ઉભા રહેલા શખ્સ પાસે લઈ ગયા હતા. તે શખ્સે યુવકનું આધારકાર્ડ અને આઈડી પ્રુફ માંગતા તેણે આધારકાર્ડ અને પાનકાર્ડ આપ્યું હતું. યુવક સાઈડ ઈન્ચાર્જ સાથે આ અંગે વાત કરી રહ્યો હતો તે સમયે યુવકના ખીસ્સામાંથી એક શખ્સે બળજબરીપૂર્વક રૂ.૧ લાખ કાઢી લીધા હતા. ત્યારબાદ બંને યુવકો ટુ વ્હીલર પર નાસી છુટ્યા હતા. યુવકની સાઈડ પરથી તાત્કાલીક એક વ્યકિત એકટીવા લઈને આવી ગયો હતો અને આસપાસના વિસ્તારમાં યુવકોની શોધખોળ કરી હતી પરંતુ તે બંન્ને શખ્સો પલાયન થઈ ગયા હતા.

શેરી ફેરિયાઓની આત્મ નિર્ભરતા માટે સ્વનિધિ સે સમૃદ્ધિ કેમ્પમાં મેયર ઉપસ્થિત રહ્યાં

શેરી ફેરિયાઓ આજીવિકા માટે તેમનો વ્યવસાય શરૂ કરી શકે તેના માટે તેમને વર્કિંગ કેપિટલ લોન અપાવવા વડાપ્રધાન સ્ટ્રીટ વેન્ડર આત્મ નિર્ભર નિધિ (પીએમ સ્વનિધિ) નામની યોજના કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરવામાં આવી છે. જેના અંતર્ગત શેરી વિસ્તારમાં વ્યવસાય કરતા ફેરિયાઓને રૂપિયા ૧૦ હજારની લોન આપવામાં આવે છે. ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આ સંબંધમાં યોજવામાં આવેલા કેમ્પમાં મેયર રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતાં અને તેમના હસ્તે શેરી ફેરિયાઓને કાર્ડનું વિતરણ કરવામાં આવ્યુ હતું. આ યોજના અંતર્ગત લોન માટે અરજી કરેલા ફેરિયાઓને સામાજીક અને આર્થિક ધારા ધોરણ અંગેની માહિતી ભરવાની થતી હોય સ્વનિધિ સે સમૃદ્ધિ નામથી કેમ્પનું આયોજન સેકટર-૨૨ના રંગમંચ પર કરવામાં આવ્યુ હતું. જેમાં ઉપસ્થિત રહેલા લાભાર્થીઓની સોસિયો-ઈકોનોમિક પ્રોફાઈલ તૈયાર કરવામાં આવી હતી અને નિયમાનુસાર ઓનલાઈન અપડેટ કરવામાં આવી હતી. ઉપરોક્ત યોજનાકીય સ્ટોલમાં ઉપસ્થિત રહીને મેયર રીટાબેન પટેલ દ્વારા લાભાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. આ તકે કોર્પોરેટર હર્ષાબા ધાધલ, નાયબ મ્યુનિસિપલ કમિશનર પી. સી. દવે તથા મેડિકલ ઓફિસર ડૉ. કલ્પેશ ગોસ્વામી સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ખૂણેખાંચરેથી

- સોમવારથી જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકોનું વેક્સીનેશન શરૂ થશે
- જિલ્લાના મહિલા-બાળ વિકાસ વિભાગના અધિકારી (સી.ડી.પી.ઓ.) મીનળબાની આજે વર્ષગાંઠ હોવાથી તેમના વિભાગના કર્મયોગીઓએ સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે સાદગીથી ઉજવણી કરી હતી.
- ગાંધીનગર જિલ્લામાં આંગણવાડી કાર્યકરો અને તેડાગર બહેનોને કોરોનાની વેકસીનેશનમાં આજે ૧૩૦૦થી વધુ કર્મયોગીઓનીને આવરી લેવામાં આવી હતી.
- ગાંધીનગર જિલ્લામાં ૧૦મી જાન્યુઆરી સુધીમાં મહત્તમ તાપમાન ૩૧-૩૪ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૯ થી ૧૩ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૧ થી ૩૨ ટકા વચ્ચે રહેવાની સંભાવનાઓ છે. પવનની સરેરાશ ગતિ ૯ થી ૧૫ કિ.મી. પ્રતિકલાક રહેવાની સંભાવનાઓ દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાન વિભાગે કરી છે.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે હજુ બન્ને પક્ષો દ્વારા ઉમેદવારો જાહેર કરાયા ન હોવાથી કાર્યકરોમાં ઉચાટની સ્થિતિ જોવા મળી રહી છે.
- ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમદાવાદ આવી રહ્યા છે.
- કોરોનાની સ્થિતિને કારણે બંધ થયેલ પુસ્તક પરબ રવિવારના રોજ ઉમિયા મંદિર સે. ૧૨ ખાતે સવારે ૮ થી ૯.૩૦ દરમ્યાન યોજાશે.

બળાત્કારના કેસમાં આરોપીને સાત વર્ષની સખત કેદની સજા

ભોગ બનનારને રૂ ૫૦ હજારની સહાય ચુકવવા માટે પણ કોર્ટનો આદેશ

ગાંધીનગર તા ૬

વાવોલમાં સગીરાને લગ્ન કરવાની લાલચ આપી ભગાડીને બળાત્કાર ગુજારવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને સાત વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીને રૂ ૮ હજારનો દંડ ભોગવવા માટે તેમજ કોર્ટે ભોગ બનનારને રૂ ૫૦ હજારનુ વળતર ચુકવવા માટે પણ કોર્ટે આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર આરોપી રાજેશ રામાજી બબાજી ઠાકોરે વાવોલ ગામની સગીરાને લગ્ન કરવાની લાલચ આપી ભગાડીને લઈ જઈને દહેગામમાં ગેસ્ટ હાઉસમાં રાખીને સંભોગ કર્યો હતો.

આ કેસ ગાંધીનગરની સ્પે કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ એસ પંડયાએ દલીલો કરી હતી જેમાં તેમણે કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ કે આરોપીએ ફરિયાદીના વાલીપણામાંથી ભોગબનનારને લલચાવી ફોસલાવી અને બળાત્કાર ગુજાર્યો હતો જેથી આ કેસના આરોપીને સખત સજા થવી જોઈએ. સરકારી વકીલની દલીલો તેમજ પુરાવાઓને ધ્યાને લઈ જજ કે એમ સોજીત્રાએ આ કેસના આરોપી રાજેશ રામાજી બબાજી ઠાકોરને સાત વર્ષની સખત કેદની સજા તેમજ રૂ ૮ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત ભોગ બનનારને રૂ ૫૦ હજારની સહાય ચુકવવા માટે પણ આદેશ કરાયો છે.

ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળા ખાતે બે કાનૂની શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૬

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદ, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ-ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે અને ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળા-ચિલોડાના

સહકારથી શાળા ખાતે એક સાથે બે અલગ અલગ વિષય - વિશ્વ કેન્સર ડે અવેરનેસ કાર્યક્રમ તથા મધ્યસ્થતા અંગે બે કાનૂની શિબિરોનું સુંદર આયોજન કરવામાં આવ્યુ. જેમાં પ્રથમ શિબિરમાં વિશ્વ કેન્સર ડે ૪થી ફેબ્રુઆરીની ઉજવણી નિમિત્તે પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈની ઉપસ્થિતિમાં ધો. ૧૨-અ ના ૫૦ વિદ્યાર્થીઓ સમક્ષ કોવિડ-૧૯ ગાઈડલાઈન પ્રમાણે કેન્સર ડે નિમિત્તે સાવધાની અને રોકથામ અંગે અવેરનેસ માહિતી પુરી પાડી હતી. જ્યારે પેરાલીગલ વોલન્ટીયર નટુભાઈ એસ. પટેલ દ્વારા ૧૮ વર્ષથી નીચેના બાળકોને તમાકુ કે તેના ઉત્પાદન-વેચાણ પર પ્રતિબંધ અંગેના કાનૂન અંગેની સમજ આપી હતી.

આ શાળામાં જ એક બીજી કાનૂની અવેરનેસની સમજ અંગે શાળાના શિક્ષકો-સ્ટાફ પરિવાર સાથે મિડિયેશન એટલે મધ્યસ્થતાના કેસોનું કોર્ટ બહાર છતાં કાયદેસરનું સમજૂતિથી સમાધાન અંગે પેરાલીગલ વોલન્ટીયર મિડિયેટર સુધીર દેસાઈ દ્વારા વિસ્તારપૂર્વક સમજણ આપવામાં આવી હતી. બંને મહત્વની કાનૂની શિબિરમાં શાળાના પ્રિન્સિપાલ રમેશભાઈ માકાણી સાહેબે ટૂંકી મુદતની વિનંતીને ધ્યાનમાં લઈ શિબિરોનું આયોજન કરી સુંદર સહયોગ સાંપડ્યો હતો.

માર્ગ સલામતી, કોરોના વાયરસ રસીકરણ અભિયાન તથા યુવા કાર્યક્રમ યુનિસેફનો બીજો રાજ્ય કક્ષાનો વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૬

ગુજરાત વિધાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના-કાર્યક્રમ અધિકારી પ્રશિક્ષણ સંસ્થાન ઇ.ટી.આઈ, આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, રાજ્ય એન.એસ.એસ. સેલ ગાંધીનગર અને ક્ષેત્રિય નિર્દેશાલય રાષ્ટ્રીય સેવા યોજના કેન્દ્ર દ્વારા યુનિસેફનો રાજ્યકક્ષાનો બીજો વેબીનાર માર્ગ સલામતી, કોરોના વાયરસ રસીકરણ અભિયાન તથા યુવા કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું જેમાં અધ્યક્ષ તરીકે ઉચ્ચ શિક્ષણ વિભાગ ગુજરાત સરકારના અધિક કમિશનર નારાયણભાઈ માધુ હાજર રહ્યા હતા જેમને ભારતમાં તૈયાર થયેલી વિવિધ વેકસીન વિષય વિસ્તૃત માહિતી આપી હતી.

વેબીનારમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રોડ સેફટીના કમિશનર લલિત પાડલીયા પણ વર્ચુવલ માધ્યમથી હાજર રહ્યા હતા. આ વેબીનારમાં માર્ગદર્શક તરીકે રાજ્ય સરકારના એન.એસ.એસ. રાજ્ય સંપર્ક અધિકારી બિપિનચંદ્ર નિનામા હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં અતિથિ પરિચય અને સ્વાગત પ્રવચન ડીન પ્રો. પ્રભુલાલ કાસુંદરાએ આપ્યું હતું. વેબીનારમાં કાર્યક્રમની પૂર્વ ભૂમિકા ગૂજરાત વિધાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમ અને કાર્યક્રમ અધિકારી પ્રશિક્ષણ સંસ્થાન, સાદરાના સંયોજક ડો. અરુણભાઈ ગાંધીએ આપી હતી. આ વેબિનરમાં સડક સલામતી વિષય પર લલિત પાડલિયાએ નિષ્ણાત પ્રવચન આપ્યું હતું. કોરોના મહામારી રસીકરણ અભિયાન વિષય પર મેડિકલ ઓફિસર ડો. નયનેશભાઈ વસાવાએ માર્ગદર્સન આપ્યું હતું. ભારત સરકારના યુવા કાર્યક્રમ અંતર્ગત યુ રિપોર્ટ વિષયે વિસ્તૃત માહિતી શર્મિલા રાય, સ્વાતિ વર્મા અને કુમાર મનીષે આપી હતી.

ગજાનન સેવા સમિતિ દ્વારા સિલાઈ મશીન વિતરણ

ગાંધીનગર, તા. ૬

શ્રી ગજાનન સેવા સમિતિ, સમિતિ દ્વારા અરવિંદ કેન્દ્રના પ્રમુખ ડૉ. તન્ના તરફથી ભીલોડા તાલુકાના જેસીંગપુર ગામ અને મોડાસા તાલુકાના દાવલી ગામના બહેનોને સિલાઈ મશીન આપવામાં આવ્યા હતા. આ સમગ્ર દિવસ ચાલેલ આ કાર્યમાં મફતભાઈ વાઘેલા, અમૃતભાઈ પ્રજાપતિ, ભીમજીભાઈ તથા નિલેન્દુ ગુપ્તે સાથે હતા. આ સાત મશીન અરવિંદ કેન્દ્રના પ્રમુખ ડૉ. તન્ના પાસેથી પ્રાપ્ત થયા હતા. મશીન સાથે કાતર, દોરા તથા પ્રેક્ટીસ માટે કાપડ પણ આપવામાં આવ્યા હતા.

બાલવા ચોકડી પર સર્કલ મોટું કરવા ગ્રામજનોની ઉગ્ર માંગ

સર્કલ મોટુ કરવામાં નહી આવે તો ગ્રામજનોની ઉગ્ર આંદોલનની ચિમકી

ગાંધીનગર, તા.૬

બાલવા ચાર રસ્તા પર આવેલ સર્કલ મોટું કરવા માટે તંત્ર સમક્ષ બાલવા ગામના નાગરીકો દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવામાં આવી છે. બાલવા સર્કલ નાનું હોવાને પગલે દિવસ દરમિયાન નાના મોટા અકસ્માત સર્જાતા હોય છે. ઉતર ગુજરાત તરફનો વાહન વ્યવહાર હોવાથી અનેક વાહનો દિવસ દરમિયાન માર્ગ પરથી પસાર થાય છે. તંત્ર દ્વારા ફોરલેન માર્ગની મંજુર પણ મળી ગઈ છે, ગ્રાન્ટ પણ ફાળવી દેવાઈ છે તેમ છતા માર્ગનું કામ કેમ હાથ ધરવામાં આવતુ નથી, તે ગ્રામજનોને સમજાતુ નથી. જો ટુંક સમયમાં બાલવા માર્ગ નવિનીકરણનુ કામ અને સર્કલ મોટું કરવામાં નહી આવે તો બાલવા ગામના નાગરીકો ઉગ્ર આંદોલનના મુડમાં જણાય છે.

ગાંધીનગર થી મહેસાણા, પાટણ, અંબાજી, બનાસકાંઠા સહિત ઉતર ગુજરાતને લગતા મહત્વના શહેર તરફ જવા માટે બાલવા ચોકડી થઈને પસાર થવુ પડે છે. બાલવા ચોકડી ગોઝારીયા અને માણશા જવા માટેનો ટર્નિંગ પોઈન્ટ છે. જેથી ટર્નિંગ સર્કલ ખુબ જ નાનું હોવાથી વાહન ચાલકો વાહનની ગતિ ધીમી કરતા નથી. જેને પગલે સર્કલ પર નાના મોટા અકસ્માત રોજ સર્જાય છે. જેથી માણસા -ગાંધીનગર અપડાઉન કરનાર નાગરીકો ડરનો અનુભવ કરી રહ્યા છે. આ માર્ગ પરથી અંબાજી ભાદરવી પુનમના ચાલતા જતા લાખો શ્રદ્ધાળુ પસાર થાય છે. સર્કલ નાનું હોવાથી અકસ્માત સર્જાતા ગ્રામજનો દ્વારા લેખિત તેમજ મૌખિક રજુઆત મુખ્યમંત્રી તેમજ માર્ગ મકાન વિભાગ ને પણ કરવામાં આવી છે. તેમ છતા આજદિન સુધી ગ્રામજનોની આ સમસ્યાનું સમાધાન થવા પામ્યું નથી. જયારે ટાટા ચોકડીથી બાલવા સુધીના ફોરલેન માર્ગ તૈયાર કરવા માટે ગ્રાન્ટ પણ ફાળવી દેવાઈ છે તેમ છતા કયાં કારણોસર માર્ગ બનતો નથી કયો ગ્રહ માર્ગની આડે આવી રહ્યો છે તે આજદિન સુધી ગ્રામજનોને સમજાતુ નથી. ત્યારે તાત્કાલીક અસરથી બાલવા ચોકડીનું સર્કલ મોટું કરવામાં નહી આવે તો ગામના જાગૃત નાગરીક સુરેશભાઈ ત્રિવેદી અને ગ્રામજનો દ્વારા આંદોલન કરવામાં આવશે.

૧૧ માસના અંતરાલ બાદ અમદાવાદમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની શરૂઆત કરાઈ

થિયેટર મીડિયા સેન્ટર ખાતે બે નાટ્ય, નૃત્ય, સુગમ સંગીત અને તબલાંવાદનની પ્રસ્તુતિ કરવામાં આવી

ગાંધીનગર, તા. ૫

રાજ્ય સરકારે પૂર્ણ સંખ્યા સાથે થિયેટર્સ શરૂ કરવાની મંજૂરી આપ્યા પછી અમદાવાદમાં સૌપ્રથમ નાટ્ય મંચન થિયેટર મીડિયા સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે થિયેટર મીડિયા સેન્ટર એ નાટ્યકાર, સાહિત્યકાર સ્વ. હસમુખ બારાડી દ્વારા સ્થાપિત સંસ્થા છે. શુક્રવારે તેમની પુણ્યતિથિ નિમિત્તે બે નાટ્ય મંચન અને ભારતીય શાસ્ત્રીય નૃત્ય, સુગમ સંગીત, હાર્મોનિયમ, તબલાં, કી-બૉર્ડના વર્ગોની શરૂઆત સાથે કોરોનાકાળ બાદ સેન્ટરને પુનઃ ધબકતું કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે હસમુખ બારાડી લિખિત અને નીરવ વેગડા દિગ્દર્શિત બે નાટકોનાં મંચન થયાં હતાં. પહેલું નાટક હતું 'ઘેલી', જે એકપાત્રિય નાટક હતું. ઉર્વશી શ્રીમાળીએ આ નાટકમાં પોતાનો અભિનય આપ્યો હતો. બીજું નાટક હતું 'અપવાદ', જેના માટે દિશાંત શેઠ અને ઋચિ નાયકે પોતાનો અભિનય આપ્યો હતો.

નાટ્યપ્રસ્તુતિ બાદ કલાગુરુ ઈલા ભાટીયા અને વૃંદ દ્વારા શાસ્ત્રીય નૃત્યની પ્રસ્તુતિ, ઉમંગ ગજ્જર દ્વારા તબલાંવાદન અને હિરેન બારોટ દ્વારા સુગમ સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

ધરમપુર ગામે 'દીકરી કુળનો દીવો' કાર્યક્રમની ઉજવણી

ગૂજરાત વિદ્યાપીઠ-સંચાલિત પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર સાદરા તેમજ મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના આરોગ્યકેન્દ્ર અને ધરમપુર ગામના આંગણવાડી કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે ધરમપુર ગામે 'દીકરી કુળનો દીવો' કાર્યક્રમની ઉજવણી કરાઈ. પંચાયતીરાજ તાલીમ કેન્દ્રનાં આચાર્ય તેજસ ઠાકરે પ્રસ્તાવિકતા કરતા કહ્યું હતું કે વર્તમાન સમયમાં સ્ત્રી ભ્રૂણહત્યાના કારણે સામાજિક અસમાનતા જોવા મળી રહી છે. જેના કારણે આપણે બધા જુદી જુદી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છીએ. તેમજ તેમને વધુમાં જણાવ્યું કે દીકરીના જન્મને વધામણા કરવા જોઈએ. તેમના દ્વારા ગામની નવી જન્મેલી બાળકીઓને ભેટ-સોગાદ આપીને દીકરી જન્મના વધામણા કરવામાં આવ્યા. મ.દે.ગ્રામસેવા સંકુલ સાદરાના તબીબી અધિકારી ડૉ. નયનેશ વસાવાએ જણાવ્યું કે સ્ત્રી ભ્રૂણહત્યા અટકાવી જોઈએ તેમજ વધુમાં તેમને કોરોના રસી સંદર્ભે પણ ગ્રામજનોને અવગત કર્યા હતા. કોરોના રસી મુકાવવાથી રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. તેમજ સરકાર દ્વારા યોજનાર રસીકરણમાં કોઈપણ પ્રકારના ડર વગર ઉત્સાહપૂર્વક ભાગ લેવા માટે અપીલ કરી હતી.

ટચૂકડી જાહેર ખબર

શું આપનું મકાન તોડવાનું છે

મકાન, શેડ, ફેક્ટરી તોડી, માલ-સામાન લઈ જઈને પ્લોટ ચોખ્ખો કરી તેની સારે એવી કિંમત આપીએ.

મો. : ૬૩૫૩૩૬૦૦૭૭

રી-ટેન્ડરીંગ જાહેર નિવિદા

વર્ષ - ૨૦૨૦-૨૦૨૧

ગાંધીનગર મહાનગરપાલિકા

બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર નંબર	કામનું નામ	ટેન્ડર ફી	ઈ.એમ.ડી.
૪૫/૨૦૨૦-૨૧	ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં (૧) ધોળાકુવા ગામમાં જતા એપ્રોચ રોડને ચાર માર્ગીય કરવાની કામગીરી અને (૨) ધોળાકુવા એપ્રોચ રોડ પાસે ફુટપાથની કામગીરી.	રૂ. ૩,૬૦૦/-	રૂ. ૧,૬૩,૭૮૧/-

ટેન્ડર ફોર્મ તા. ૮/૨/૨૦૨૦૧ થી તા. ૨૨/૨/૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબ સાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ તા. ૨૩/૨/૨૦૨૧ થી ૩/૩/૨૦૨૧ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૪/૩/૨૦૨૧ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૯૧૯/૨૦-૨૧

SHARE INDIA SECURITIES LIMITED

CIN: L67120GJ1994PLC115132

Reg. Office: Unit No. 604-A, 604-B, 605-A, 605-B, 6th Floor, Tower-A, World Trade Center, Gift City, Block-51, Zone-5, Road 5E, Gift City Gandhinagar, Gujarat-382355

Tel: +91-11-43011000; Website: www.shareindia.com; Email: vikas_cs@shareindia.com

EXTRACT OF UNAUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31st DECEMBER, 2020

(Amount in Rupees)

Sr. No.	Particulars	Quarter Ended 31.12.2020	Quarter Ended 31.12.2019	Nine Months Ended 31.12.2020
		Unaudited	Unaudited	Unaudited
1	Total income from operations	1,204,825,665	650,012,508	3,215,655,620
2	Net Profit/ (Loss) for the period (before tax, Exceptional and/or Extraordinary items)	216,345,580	116,226,198	575,338,754
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	216,345,580	116,226,198	575,338,754
4	Net Profit / (Loss) for the period after tax (After Exceptional and/or Extraordinary items)	176,040,514	101,171,413	448,577,653
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	236,411,529	101,171,413	554,323,670
6	Paid up Equity Share Capital (Face Value ₹10/-)	319,065,880	319,065,880	319,065,880
7	Earning Per Share (of ₹10/- each) Basic and diluted (not annualised)	5.52	3.17	14.06

Note : (1) The above is an extract of the detailed format of result for Quarter and Nine Months ended on 31st December, 2020 filed with stock exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the said results are available on the website of BSE and NSE at **www.bseindia.com** & **www.nseindia.com** as well as on the company's website at **www.shareindia.com.**

(2) The Key Standalone Financial information for the Quarter and Nine Months ended on 31st December, 2020 are given below :

Particulars	Quarter Ended 31.12.2020	Quarter Ended 31.12.2019	Nine Months Ended 31.12.2020
Turnover	1,105,616,259	590,411,906	2,942,694,864
Profit before tax	186,804,680	106,781,522	487,304,183
Profit after tax	151,737,466	92,356,613	376,601,244

By order of the Board
For Share India Securities Limited
Sd/-
Praveen Gupta
Chairman & Managing Director
DIN : 00013926

Place : Delhi
Date : 06.02.2021